# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૨ • અંક : ૨૬ • સળંગ અંક : ૭૭ • તા. ૩૦ નવેમ્બર થી ૦૬ ડિસેમ્બર ૨૦૧૯



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# સમસ્ત મહાજનની મહાસમિતિની મિટિંગ સફળતા સાથે સંપન્ન



## યદાયદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત,
## અભ્યુત્થાનમ્ ધર્મસ્ય, તદાત્માનં સૃજામ્હમ,
## પરિત્રાયાણ સાધુનાં, વિનાશાય ચ દુષ્કૃતામ,
## ધર્મ સંસ્થાપનાર્થાય, સંભાવામિ યુગે યુગે.

(જ્યારે જ્યારે ધર્મની હાનિ થશે કે અધર્મની વૃદ્ધિ થશે ત્યારે ત્યારે હું પ્રગટ થઈશ.
સાધુ પુરૂષોના ઉદ્ધાર કરવા માટે, પાપ કર્મો કરનાર ઓનો વિનાશ કરવા માટે અને
ધર્મની સમ્યક રીતે સ્થાપના કરવા માટે હું યુગે–યુગે પ્રગટ થાઉં છું.)



**નીશિથ આનંદ દંડ**

**Sure Safety**®

Complete Safety Solutions

PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

લક્ષ્મીચંદ લાલજી પોલડીયા

પ્રવીણ હંસરાજ લોડાયા

તિલોકચંદ નરશી દંડ

કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# યુવા ધન સમાજની ખરી સંપતિ

સૌ પ્રથમ યુવાન એટલે શું? જેનો જવાબ અનેક રીતે આપી શકાય. યુવાન એટલે જે અંધકારને ચીરીને સડસડાટ આગળ વધે એ, યુવાન એ છે જે ઝંઝાવતી વાવાઝોડાને ગણકાર્યા વગર ધસમસતો મંઝિલ તરફ એક લક્ષી રહે, યુવાન એ છે જે ધારે તે કરી શકે, ધારે તે મેળવી શકે અને ધારે તે વિચારી એને કોઈપણ ભોગે તેને હાંસલ કરી શકે એવો પાત્ર. યુવાન એટલે લક્ષ્યને વીંધનારો. યુવાન એ છે જે પોતાના સમાજ માટે, તેના વિકાસ અને ઉત્કર્ષ માટે, પોતાનો તન, મન, ધનથી ભોગ આપે, સારા વિચારોને ટેકો આપે, તેને આગળ વધારે અને થઈ શકે તો પોતાને ખભે એનો ભાર ઉપાડી, વહન કરી તેને પાર ઉતારે. શિક્ષિત યુવાન સંસ્કારનું પાલન કરી. શિસ્તમાં રહી વડીલોની આમન્યા, આજ્ઞા જાળવી, વડીલોની આંખને પોતાની પાંખ આપી ગગન ગામી રહે. સમાજ એ જ ઈચ્છે કે અમારો યુવા ધન આત્મવિશ્વાસથી સભર હોય. તેનામાં દ્રઢતા આત્મવિશ્વાસ અને કર્મ શક્તિનો ભંડાર હોય.

આજનો યુવાન ઉચ્ચ શિક્ષિત છે. પણ બહુધા યુવા ધન પોતાનો સમય વિવિધ ઈલેક્ટ્રોનિક મિડીયામાં વીતાવતો રહે છે. વ્યસન અને ફેશનના ચાળે ચડી કોઈપણ લક્ષ્ય વગરની જિંદગી જીવે છે. દરેક નજીવી વાતોમાં પોતાનો સમય વેડફે છે. જે લક્ષ્ય વગર વિચરણને આચરણ દ્વારા પોતાની અને પરિવારની પરેશાની વધારે છે. આવા યુવાનો દરેક બાબતમાં દખલગીરી કરવામાં એક્ષ્પર્ટ હોય છે. પોતાના જીવન કરતાં અન્યના જીવનમાં ડોકીયું તાણી જોવાની આદત વાળા હોય છે. તેમના જીવન મંત્ર માત્ર હરવું, ફરવું અને બિન કારણવશ જીવન જીવવું. આવા રાહ ભૂલ્યાં ભલે ગણ્યા ગાંઠ્યા હોય પણ પરિવાર અને સમાજ માટે બોજારૂપ હોય છે. પરિવાર પછી સમાજ અને પછી દેશ, આ સાંકળને જે યુવાન સંભાળી ન શકે તેનું જીવન વ્યર્થ છે.

આપણા દેશ વર્તમાનમાં યુવા ધનથી સભર છે. યુવાનો સમાજ અને દેશની પ્રગતિનો, વિકાસના એન્જિન છે. આજનો બહુધા યુવા ધન કર્મનિષ્ઠ, પ્રામાણિક, કાર્ય કુશળ અને સદ્‌ભાવ પ્રેમી છે. 'ખુદ જીઓ ઔરોકો જીને દો'ના મંત્રને માન નારો છે. એના વિચારમાં નાવીન્ય છે. એની નજરમાં આગળ વધવાનો એકલક્ષી પ્રણ છે. માટે યુવાધન સમાજના હર એક સ્વપ્ન સાકાર કરવા કટિબદ્ધ છે. સમાજમાં નવી નવી યોજના, નવી મોર્ડન ટેકનોલોજી સાથેના સંયોજનથી દૂર દૂર વસતા સમાજનોને એકસૂત્રે પરોવવાનું કામ શક્ય થયું છે. યુવાનો સમાજના વડીલોને સાથ આપી તેમના વિચારોને ગતિ આપી શકે છે. સમાજના દરેક દરેક અભિયાનમાં, યોજનાના અમલ યુવાનોનો સાથ રહેવો જરૂરી છે. સમાજ ભક્તિનો મંત્રએ સમાજ શક્તિમાં પલટાઈ જાય એવો માહોલ યુવાનો સર્જી શકે છે. યુવાનોનો જુસ્સો, જોમ અને આવેગ સમાજને નવો બળ આપી શકે છે. દરેક દરેક યુવાન સમાજના કલ્યાણ માટે સંકલ્પ બદ્ધ થાય તો એ સમાજ માટે જ હિતકારી છે. માટે જ આજે યુવાધન સમાજની ખરી સંપત્તિ છે, સબળ શક્તિ છે.

– જય જ્ઞાતિમૈયા

# સમસ્ત મહાજનની મહાસમિતિની મિટિંગ સફળતા સાથે સંપન્ન

રવિવાર તા.૨૪ નવેમ્બરના રોજે વીએલવીજી ઘાટકોપર મધે સાંજના ૪ કલાકે સમસ્ત મહાજનની મહાસમિતિની મિટિંગ મળી હતી. જેમાં દેશ દેશાવરથી સારી સંખ્યામાં પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

મિટિંગની શરૂઆત નવકાર મંત્રના પઠનથી થઈ. ત્યારબાદ સેક્રેટરી જનરલ નીશિથ દંડએ ગત મિટિંગ મિનિટનું વાચંન કર્યું. ત્યારબાદ પ્રતિનિધિઓ દ્વારા થયેલા વિવિધ કાર્યોની સરાહના કરી હતી અને જણાવ્યું હતું કે આપણી જે વેબસાઈટ અપગ્રેટેડ સાથે ફૂલ્લી કાર્યરત છે. જેમાં તેમણે દરેક મહાજનો માટે એક વિશેષ પેજ આપ્યું છે. જે દરેક પ્રતિનિધિઓને અપીલ કરી હતી કે તમે તમારા એરિયાના મહાજનો તથા સંસ્થાઓનો સંપર્ક સાધી શિતલબેન ધુલ્લાનો જે મેનેજર તરીકે કાર્ય કરે છે. તેમને આ ઈમેલ ID ઉપર sheetal@kdosm.org પહોંચાડો જેથી આપણી જ્ઞાતિની વેબસાઈટ ફૂલ્લી અપગ્રેડ થઈ જાય. ત્યારબાદ જ્ઞાતિ મહાજન વિવિધ સમિતિના ચેરમેનો તેમણે કરેલા કામોની ઝાંખી આપી હતી. અંતમાં અનંતનાથ દાદાની જયકાર બોલાવી છૂટા પડ્યાં હતાં.

## કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈની ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ

શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈની વ્યવસ્થાપક સમિતિ, અનંતનાથજી દેરાસર ટ્રસ્ટ તેમજ શિક્ષણ પ્રસારક સમિતિની ચૂંટણી દર પાંચ વર્ષે યોજાતી હોય છે. ૧ એપ્રિલ ૨૦૨૦થી ૩૧મી માર્ચ ૨૦૨૫ સુધીની મુદ્દત માટેની ચૂંટણી રવિવાર, ૨૨મી ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ યોજવાનું નિર્ધારિત થયું છે.

આમાં મુખ્યત્વે મહાજનની વ્યવસ્થાપક સમિતિ માટે ૫૭ ફોર્મ ભરાયા છે. ટ્રસ્ટ માટે ૧૫ ઉમેવારોના ફોર્મ ભરાયા છે. શિક્ષણ પ્રસારક સમિતિમાં એકજ ઉમેદવારે ફોર્મ ભર્યું છે. ગુરૂવાર, તા.૫ ડિસેમ્બરના રોજ ફાઈનલ યાદી જાહેર કરવામાં આવશે. તેમ ચૂંટણી અધિકારી ચીમનભાઇ મોતા તેમજ સહ ચૂંટણી અધિકારી ડોલર શાહ અને સી.એ. રાજીવ લુઠિયા એ અખબારી યાદીમાં જમાવ્યું હતું.

### શિક્ષણ પ્રસારક સમિતિના ઉમેદવાર

| SR NO | NAME | VILLAGE | AREA |
|---|---|---|---|
| 1 | HINESH BHAVANJI LODAYA | VANKU | MULUND |

### અનંતનાથજી દેરાસરજીની ટ્રસ્ટની ચૂંટણીના ઉમેદવારો

| SR NO | NAME | VILLAGE | AREA |
|---|---|---|---|
| 1 | BHARAT VERSHI MUNWAR | JAKHAU | DOMBIVALI |
| 2 | CHETAN MEGHJI MOTA | VARAPADHAR | BHANDUP |
| 3 | DEVENDRA SHANTILAL DHARAMSHI | SUTHRI | MULUND |
| 4 | JIVRAJ GOVINDJI LODAYA | THANA | MOTI KHAVDI |
| 5 | KUMAR BABUBHAI DAND | TERA | BHANDUP |
| 6 | LOPA HIMANSHU NAGDA | JAKHAU | VIKROLI |
| 7 | MANOJ DAMJI LODAYA | BANDHIA | BHANDUP |
| 8 | NAYAN ASHOK BHEDHA | VARAPADHAR | MULUND |
| 9 | PANKAJ KESHAVJI DHARAMSHI | RANGPUR | MULUND |
| 10 | PARAS PADAMSHI MAISHERI | RAPAR GHADWARI | GHATKOPAR |
| 11 | PRAFUL CHIMANLAL MOTA | TERA | GHATKOPAR |
| 12 | RAJESH RAICHAND CHHEDA | VARAPADHAR | MULUND |
| 13 | SANJAY RATILAL AJANI | KOTHARA | GHATKOPAR |
| 14 | TEJAL RAJESH LODAYA | MOTI SINDHODI | SION |
| 15 | SUNIL PADAMSHI LALKA | BANDHIYA | MULUND |

# સમસ્ત મહાજનની મહાસમિતિની મિટિંગ સફળતા સાથે સંપન્ન

## મુંબઈ મહાજનના વ્યવસ્થાપક સમિતિના ઉમેદવારો

| SR NO | NAME | VILLAGE | AREA |
|---|---|---|---|
| 1 | ABHAY PADAMSHI KHONA | SANDHAV | BHANDUP |
| 2 | ALPA PARESH LALKA | LALA | VASHI |
| 3 | ARVIND RAICHAND LODAYA | DALTUNGI | DOMBIVALI |
| 4 | ASHOK LALJI LALKA | RANGPUR | VASHI |
| 5 | BHARAT VERSHI MUNWAR | JAKHAU | DOMBIVALI |
| 6 | BHAVINI MANISH LODAYA | VARAPADHAR | MULUND |
| 7 | BHUPENDRA LAXMICHAND DAGHA | GOERSAMA | DOMBIVALI |
| 8 | CHETAN MEGHJI MOTA | VARAPADHAR | BHANDUP |
| 9 | DEVENDRA SHANTILAL DHARAMSHI | SUTHRI | MULUND |
| 10 | DHARINI PRATAP MOTA | RAYDHANJAR | BHANDUP |
| 11 | DILIP DUNGARSHI LAPASIA | DALTUNGI | MULUND |
| 12 | DINESH RAMJI LODAYA | SANDHAV | MULUND |
| 13 | GULAB DUNGARSHI DHARAMSHI | SANDHAN | MULUND |
| 14 | GULAB KALYANJI MAISHERI | MANDVI | MULUND |
| 15 | HARISH DHANJI DAGHA | VARADIA | BHANDUP |
| 16 | HITESH MULJI MAISHERI | KOTHARA | BHANDUP |
| 17 | JAVERCHAND KANTILAL NAGDA | JAKHAU | GHATKOPAR |
| 18 | JAYESH VIJAY MOMAYA | SAYERA | MATUNGA |
| 19 | JIVRAJ GOVINDJI LODAYA | MOTI KHAVDI | THANE |
| 20 | KALPESH KHUSHALCHAND DHARAMSHI | KOTHARA | DOMBIVALI |
| 21 | KALPESH MAHENDRA LODAYA | RAVA | CHEMBUR |
| 22 | KALPESH NIRANJAN MOMAYA | VARADIA | MASJID |
| 23 | KARTIK NAVIN MOMAYA | SUTHRI | MULUND |
| 24 | KUMAR BABUBHAI DAND | TERA | BHANDUP |
| 25 | LOPA HIMANSHU NAGDA | JAKHAU | VIKROLI |
| 26 | MANISHA MITESH LALKA | BANDHIYA | MULUND |
| 27 | MANOJ DAMJI LODAYA | BANDHIYA | BHANDUP |
| 28 | MUKESH BHAWANJI LODAYA | MOTI SINDHODI | DOMBIVALI |
| 29 | MUKESH HIRACHAND SIYAL | JAKHAU | DOMBIVALI |
| 30 | MUKESH KHIMJI VIKAMSHI | SUTHRI | DOMBIVALI |
| 31 | NAYAN ASHOK BHEDHA | VARAPADHAR | MULUND |
| 32 | NITESH MULJI GOSAR | BAYATH | THANA |
| 33 | PANKAJ KESHAVJI DHARAMSHI | RANGPUR | MULUND |
| 34 | PANKAJ MANILAL POLADIA | DUMRA | BHANDUP |
| 35 | PARAS PADAMSHI MAISHERI | RAPAR GHADWARI | GHATKOPAR |
| 36 | PARESH NARANJI GOSAR | BAYATH | BHANDUP |
| 37 | PRAFUL CHIMANLAL MOTA | TERA | GHATKOPAR |
| 38 | RAHUL SURESH MOTA | DHRUFI | DOMBIVALI |
| 39 | RAJESH JAYANTILAL LODAYA | MOTI KHAVDI | BHANDUP |
| 40 | RAJESH RAICHAND CHHEDA | VARAPADHAR | MULUND |
| 41 | RAJUL BHADRESH PATEL | SAYERA | MULUND |
| 42 | RAYCHAND SHIVJI LODAYA | KOTHARA | GHATKOPAR |
| 43 | ROHIT TEJPAL DHARAMSHI | LALA | MULUND |
| 44 | SANDEEP NAVINCHANDRA LODAYA | SANDHAV | MULUND |
| 45 | SANJAY RATILAL AJANI | KOTHARA | GHATKOPAR |
| 46 | SAROJ LALJI MUNVAR | JAKHAU | GHATKOPAR |
| 47 | TEJAL RAJESH LODAYA | MOTI SINDHODI | SION |
| 48 | TEJAS MAHENDRA KHONA | JAKHAU | BHANDUP |
| 49 | TINA PURAV DHARAMSHI | MANJAL RELADIYA | ANDHERI |
| 50 | TOMESH KANTILAL NAGDA | JAKHAU | GHATKOPAR |
| 51 | VEENA VIJAY NAGDA | PARJAU | GRANT ROAD |
| 52 | VIJAY VISANJI SONI | VAKU | DOMBIVALI |
| 53 | VIPUL KANTILAL LODAYA | SANDHAV | BHANDUP |
| 54 | VIPUL LAKHAMSHI MOMAYA | SAYERA | DOMBIVALI |
| 55 | VIPUL MANILAL POLADIA | DUMRA | BHANDUP |
| 56 | VIRCHAND NARSHI LODAYA | RAPAR GADHWARI | MULUND |
| 57 | VIRENDRA BHAVANJI LODAYA | NALIYA | MULUND |

# કચ્છ સાંધાણ તીર્થે પ.પૂ.આ.ભ.મ.સા. આદિઠાણાનો પ્રવેશ





તા. ૨૫ નવેમ્બર સોમવાર રોજે અબડાસા પંચતીર્થીના સાંધાણ તીર્થમાં પ્રતિષ્ઠા મહોત્સવ પંચાન્હિકા પર્વ પ્રસંગે પુનીત નિશ્રારૂપે પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણોદય સાગર સૂરીશ્વરજી મ.સા. આદિઠાણાનો ભવ્ય પ્રવેશ થયો. આ અવસરને વધાવવા સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉત્સાહભેર જોડાઈ વધામણાં કર્યા હતા અને ઉર આનંદનો ઉમળકો વ્યક્ત કર્યો હતો.




JAYMAN KHONA - 9869473339

anmol COLLECTION

ART&FRAMES

ORIGINAL PAINTINGS | CUSTOM FRAMING
FINE ART MATERIALS

8, Ground Floor, Bhawani Premises Co-op.Soceity Ltd.,
Off.Jain Mandir Road, IIT Pawai, Mumbai - 400 076.
Mob.: +91 98692 73314 | Tel.: +91-22-2579 2122
Email : info@anmolartframes.com
/anmolartnframes

LARIN KHONA - 9820193339

Anmol Balaji Broking
Estate and Investment Consultant

MAHARERA ID : A51800000364

8, Ground Floor, Bhawani Premises Co-op.Soceity Ltd.,
Off.Jain Mandir Road, IIT Pawai, Mumbai - 400 076.
Off.: +91 98692 83338
Email : anmolbalajibroking@gmail.com
/anmolbalajibroking

# ખામગામ સંઘથી સાધ્વીજી મ.સાનો વિહાર







ખામગામ સંઘના ભવ્યાતીભવ્ય ચાતુર્માસના સમાપન બાદ સોમવાર દિને દેવજી ખીમજી મંગલ કાર્યાલય ખામગામથી ગણાત્રાફાર્મ હાઉસ જલકા ભડંગ સુધી ૮ કિમી.નો વિહાર પૂ. સાધ્વીજી ભગવંત શ્રી સંયમ ગુણાશ્રીજી મ.સા. આદિઠાણાએ કર્યો.

આ શુભ પ્રસંગે નમોરત્ન વિહાર સેવા ગ્રુપના શ્રી અંકુર ભાઈ વિકમશી, અશ્વિનભાઈ નાગડા, વિવેક લોડાયા, નયન નાગડા, લીલાબેન નાગડા, વર્ષાબેન લોડાયા, નેહાબેન લોડાયા અને સાથી કાર્યકરોએ વિહાર સેવામાં ઉત્સાહ પૂર્વક સહભાગ લીધેલ.

તા. ૨૬ મંગળવાર રોજ સાધ્વી ભગવંતજીનો વિહાર જલકા ભડંગથી વરખેડ બાજુ આગળ મલકાપુર બાજુ રહેશે.



# વડોદરાની ન્યુટ્રિશીયન ડૉ. વિરલ દેવેન્દ્ર માણેકજી લોડાયાની વિરલ સિદ્ધિ

વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ફૂડ એન્ડ ન્યુટ્રિશન વિભાગની સંશોધક ટીમએ તૈયાર કરેલી ૧૪ મીઠાઈઓની હેલ્ધી રેસિપીને કોપીરાઈટ આપી તેમની થીયરીને માન્યતા પ્રદાન કરી છે.

સામાન્ય રીતે મીઠાઈને હેલ્ધી ફૂડ માનવામાં નથી આવતો કારણકે ખાંડના અધિક વપરાશને લીધે તેમાં ગળપણનું પ્રમાણ અધિક હોય છે. અને મીઠાઈના સેવનથી શરીરમાં વધારે પડતી કેલેરી જમા થાય છે. ફૂડ એન્ડ ન્યુટ્રિશન વિભાગના વડા મિનિ શેઠના માર્ગદર્શન હેઠળ મહારાજા સયાજી રાવની બે વિદ્યાર્થીનીઓ હિના શાહ અને વિરલ લોડાયાએ ડેવલપ કરેલી આ મીઠાઈઓની રેસિપીમાં ખાંડનું પ્રમાણ ૫૦ ટકા ઘટાડીને તેની જગાએ લિકવિડ એફ ઓએસનો ઉપયોગ કર્યો છે. જેનાથી મીઠાઈમાં કેલેરીનું પ્રમાણ લગભગ ઝીરો થઈ જાય છે. ઉપરાંત એફ એ એસનો સ્વાદપણ ખાંડ જેવો જ હોવાથી મીઠાઈનો ટેસ્ટ બદલાતો નથી.




યુવા સંશોધક વિદ્યાર્થીનીઓની આ ટીમે ૧૪ મીઠાઈની રેસિપી ડેવલપ કરી તેની એક બુકલેટ બનાવી છે. એક વર્ષની લાંબી પ્રક્રિયા બાદ રેસિપીને કોપી રાઈટ મળ્યા છે. આવિષ્કાર થયેલ રેસિપીઓને કોપી રાઈટ મળેલ છે એ મીઠાઈઓ છે. સુખડી, મોહનથાળ, ઘઉંનો શીરો, રવાનો શીરો, ગુલાબજાંબુ, રસગુલ્લા, જલેબી, કાળાજામુન, કાજુકતરી, કાજુપિસ્તા રોલ, શ્રીખંડ, કોપરાપાક, દુધીનો હલવો અને મલાઈ પેંડા.

પંદરવર્ષથી એફઓએસના વિવિધ ઉપયોગ ઉપર સંશોધન કરતા પ્રોજેક્ટના વડા પ્રો. મિનિશેઠના જણાવ્યા પ્રમાણે એફ ઓ એસ કાર્બોહાઈટ્રિકએ ત્રણ, ખાદ્યપદાર્થોમાંથી મળે છે. પણ તેમાં મીઠાશનું પ્રમાણ ઓછું હોય છે. પૂણેની કું. ખાંડ પર ચોક્કસ પ્રકારનો પ્રોસેસ કરીને એફ ઓ એસ બનાવે છે. એફ ઓ એસ પ્રી બોયોટિક સોલ્યુબર ફાઈબર છે. જે મોટા આંતરડામાં ગયા બાદ શરીર માટે સારા બેક્ટરીયાનું પ્રમાણ વધે છે જે શરીર માટે ફાયદાકારક છે. અત્યાર સુધીમાં ડાયાબિટિસ, ઓબેસિટી, હાયરપરટેન્શન અને ડિપ્રેશનના દર્દીઓ પર તેના પ્રયોગના બહુ સારા પરિણામો મળ્યાં છે.

એફઓએસને લોકપ્રિય બનાવવા માટે મીઠાઈમાં તેનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરવો જોઈએ. કારણ કે ભારત દેશમાં આમેય વાર તહેવારે મીઠાઈ ખાવાનો રિવાજ પ્રચલિત છે. એ પછી સંશોધક ટીમએ ભારતીય જીવનશૈલી અને વિવિધ પ્રદેશોમાં પ્રચલિત એવી ૧૪ મીઠાઈઓ પસંદ કરી તેની હેલ્ધી રેસિપી તૈયાર કરી છે. આ રેસિપીનો ઉપયોગ મોટા ઉદ્યોગો, મીઠાઈ બનાવતી કુંઓ કરે તો વિવિધ રોગો પર કાબૂ મેળવી શકાશે.

આ સંશોધન ટીમમાં પોતાનો સક્રિય યોગદાન આપનાર કેડીઓ સમાજના હોનહાર ન્યુટ્રિશયન ડૉ. વિરલ દેવેન્દ્ર માણેકજી લોડાયાને અઢળક અભિનંદન.


| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# મુમુક્ષુ મોનિકાબેન લોડાયાનો વરસીદાન વરઘોડો




કચ્છ પ્રદેશના અબડાસા તાલુકાની મોટી પંચતીર્થીના સાંધાણ નગરમાં પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ગામના દીકરીના દીકરી એટલે દોહિત્રી છે એવા કચ્છગામ તેરાના હાલે રાયપુર-છત્તીસગઢના મુમુક્ષુ મોનીકાબેન મહેન્દ્રભાઈ લોડાયાના વરસીદાન વરઘોડા ભવ્ય રીતે આયોજિત કરાયો હતો. જેમાં સર્વ સાંધાણવાસીઓ પૂર્ણ ઉત્સાહ ઉમંગ અને આનંદની લાગણીઓઓ વ્યક્ત કરતા જોડાયા હતા.









# કેડીઓ જૈન સમાજ વડોદરામાં સંઘશિરોમણિની છબીનું અનાવરણ થયું



કચ્છી દશા ઓસવાળ જૈન સમાજ વડોદરાની સામાન્ય સભામાં ચાતુર્માસ આયોજન વ્યવસ્થાના કન્વીનર પ્રીતમભાઈ લાલકાની બેતરીન સેવાકાર્ય અને આયોજન વ્યવસ્થા બદલ સન્માનપત્ર આપી તથા યુવા કાર્યકર નિમેષ ધુલ્લાને સંઘ સમાજની સરસ સેવા કામગીરી કરવા બદલ પ્રશસ્તિપત્ર આપી ભાવપૂર્વક સમાજ દ્વારા અનુમોદના કરવામાં આવી.

આ પ્રસંગે વડોદરા સંઘના સંઘ શિરોમણી સ્વ ઠાકરશી પદમશી પનપારીયાની છબીનું અનાવરણ તેમના કુટુંબીજનો અને જ્ઞાતિજનોની બહોળી હાજરીમાં ખૂબ જ ભાવપૂર્વક કરવામાં આવ્યું. સમાજના અગ્રણીઓ દ્વારા આ પ્રસંગે સંઘ શિરોમણી દ્વારા કરાયેલ વિવિધ ભગીરથ કાર્યોને સ્મરી તેઓની સ્મૃતિ તાજી કરાઈ હતી.





# કોસંબાડ તીર્થના રમણીય, નૈસર્ગીક માહોલમાં પાંચ દિવસીય સાધના શિબિર





તા.૨૯ નવેમ્બર શુક્રવારથી ગુરૂ ગુણના આજ્ઞાવંત ગુરૂ સર્વોદયના કૃપાવંત આધ્યાત્મ યોગી ગુરૂદેવ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. તથા યુવા મુનિ ઓજસ્વી પ્રવચન કાર શ્રી ગુણવલ્લભજી સાગરજી મ.સા. આદિ ઠાણાની પાવનકારી નિશ્રામાં કોસંબાડ તીર્થના શાંત, નૈસર્ગિક અને નયન રમ્ય માહોલ વાતાવરણમાં ૫ દિવસીય સાધના શિબિરનું ભવ્ય આયોજન શરૂ થયું. જે માટે આયોજન સમિતિએ જહેમત ભરી તૈયારીઓથી વ્યવસ્થા કરી છે.



# છરી પાલક સંઘનો બાયઠ ગામે ભવ્ય સ્વાગત





કચ્છના મોટા આસંબિયાથી મોટી પંચતીર્થીના સુથરીતીર્થના છરી પાલક સંઘ તા. ૨૯ નવેમ્બર શુક્રવારના રોજે વિહાર દરમ્યાન બાયઠ ગામમાં બાયઠ સંઘ દ્વારા ભવ્ય પણે સ્વાગત કરાયું. બાયઠ ગામમાં ક.વી.ઓ. અને ક.દ.ઓ. બંન્ને જ્ઞાતિના લોકોની વસ્તી છે અને બંન્ને જ્ઞાતિના લોકો ખૂબ જ સંપ, સુલેહ અને સુમેળથી રહી ધર્મ આરાધનાઓમાં જોડાય છે. અને જિનશાસનના પ્રસાર અને પ્રભાવમાં પોતાનું યોગદાન આપે છે. છરી પાલક સંઘના સ્વાગતમાં સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓ બહોળી હાજરી પૂરાવી પોતાની ધર્મ ભાવના દર્શાવી જોડાયા હતા. સંઘ પ્રયાણ રવિવાર ૨૪ નવેમ્બર શરૂ થઈ સુથરી તીર્થે મંગળવાર તા. ૩ ડિસેમ્બરના પૂર્ણાહૂતિ સંઘમાળ સાથે સંપન્ન થશે.










## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**' (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# સુથરી મહાતીર્થ ત્રિહાન્હિકા મહોત્સવનો મંગલમય કાર્યક્રમ

અબડાસાની મોટી પંચતીર્થીના સુથરી મહાતીર્થે ત્રિહાન્હિકા મહોત્સવનો મંગલમય કાર્યક્રમ તા.૬ ડિસેમ્બર શુક્રવારથી તા.૮ ડિસેમ્બર રવિવાર પર્યંત આયોજન કરાયો છે.

તા.૬ ડિસેમ્બર શુક્રવારના પ.પૂ.સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી મ.સા.ના વિનયી શિષ્ય રત્ના, તપ સંયમની સુવાસથી મઘ મઘતા પ.પૂ.સાધ્વીવર્યાશ્રી મહાયશાશ્રી મ.સા.ના ૪૫ વર્ષીય દીક્ષા પર્યાયની અનુમોદનાનો સંયમ સુવા સ્તોત્સવ પ્રસંગે વહેલી સવારે મુહપતી ઉપર કેસર છાંટણા, ૯ કલાકે વસ્ત્ર રંગોત્સવ, છાબ સજાવટ, બેઠું વર્ષીદાન, બપોરે ૧.૩૦ કલાકે નમોસ્તુ તસ્મૈ શ્રી ગુરૂ દેવતાય, રાત્રે ૭.૩૦ કલાકે પ્રભુવીરની યશોગાથાની આરાધના. તા.૭ ડિસેમ્બર શનિવાર કલ્યાણકોત્સવમાં સવારે ૬ કલાકે શ્રી વર્ધમાન શકસત્વ, અભિષેક તથા ૩૪ અતિશય મહોત્સવ, સવારે ૧૦ કલાકે વર્ષીદાન રથયાત્રા બપોરે ૩ કલાકે મુમુક્ષુના અંતિમ વાયણા, રાત્રે ૭.૩૦ કલાકે રૂડા રાજ મહેલને ત્યાગી. તા.૮ ડિસેમ્બર રવિવાર સવારે ૬ કલાકે પ્રભુનો સ્નોત્ર મહોત્સવ, ૯ કલાકે નિજાનંદ પ્રદાન કરનારી પુનિત પ્રવજ્યા વિધિ પ્રારંભ. વિધિકાર તરીકે પંડિત વિશાલભાઈ ધરમશી એન્ડ પાર્ટી છે.

મહોત્સવના લાભાર્થી પરિવાર માતુશ્રી જમકુબાઈ પદમશી આણંદજી લોડાયા પરિવાર અને સહયોગી દાતા પરિવારો માતુશ્રી બાંયાબાઈ નરશી ભોજરાજ છેડા પરિવાર, માતુશ્રી સોનલબેન રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર, માતુશ્રી ભીમલબાઈ પદમશી પૂંજાભાઈ પીર પરિવાર, માતુશ્રી રતનબાઈ નરશી દેવણાંધ ધરમશી પરિવાર, માતુશ્રી કસ્તુરીબાઈ વિશનજી દેવણાંધ ધરમશી પરિવાર તથા માતુશ્રી તેજબાઈ વિશનજી ઘેલાભાઈ છેડા પરિવાર.

ત્રિહાન્હિકા મહોત્સવનો ધર્મ લાભનો લ્હાવો લેવા પધારવાનું સહર્ષ આમંત્રણ શ્રી સુથરી જૈન સંઘ તથા લાભાર્થી દાતા પરિવાર દ્વારા ભાવપૂર્વક છે.

Samast Mahajan, Sanjivani Initiative

KDO

**CASE No.: 12**

**DONATION NEEDED!**

**MR. JAYCHAND MANEKJI SHIYAL (SHAH)**

**Age:77, JAKHAU, AHMEDABAD.**

**Admitted in Rhythm Hospital in Ahmedabad for Cerebrovascular Stroke and Hemiparesis due to High Blood Pressure. He is stable with signs of improvement .**




**DONATION REQUIRED Rs.55,000**

**Bank Details:**
Name: **Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan**
Bank : **Dena Bank** Branch : **Mulund (West)**
**S. A/C. No. 009410031785**
**IFSC code. : BKDN0460094**

For Live Donations on Sanjivani App pls contact: **+91 90990 41414**

**Shri Samast KDO Jain Mahajan Medical Committee**

**In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 90990 41414**

# છ'રી પાલક સંઘનો ડુમરા સંઘ દ્વારા અભૂતપૂર્વ સ્વાગત કરાયું









કચ્છ મોટા આસંબિયાથી પંચ તીર્થીના સુથરી તીર્થનો છ'રી પાલક સંઘ તા.૩૦ નવેમ્બર શનિવારે ડુમરા ગામે હતો. ડુમરા સંઘ દ્વારા છ'રી પાલક સંઘનું અદ્‌ભૂત ભાવપૂર્વક સ્વાગત કરાયું. આજે સંઘમાં પ.પૂ.મુનિરાજ શ્રી પ્રિયંકર સાગરજી મ.સા. જોડાયા હતા.







# કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશનની સમાજપયોગી સેવાઓ

**કોઠારા સાર્વજનિક દવાખાના :** કચ્છના અબડાસા તાલુકાના મોટા ભાગના ગામોમાં ડોક્ટર હોતા નથી તેમજ વૈદકીય સુવિધાઓનો પણ અભાવ હોય છે. આ મુશ્કેલીને લક્ષમાં રાખી કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન, મુંબઈએ શ્રી ક.દ.ઓ. જ્ઞાતિજનોને કોઠારા સાર્વજનિક દવાખાનામાં સર્વ ટ્રીટમેન્ટ નિઃશુલ્ક (FREE) મળે એવી વ્યવસ્થા કરી છે. કોઠારા અબડાસાના આપણી જ્ઞાતિની વસ્તીના ગામોની મધ્યમાં આવેલ છે એટલે સર્વે જ્ઞાતિજનો આનો લાભ લઈ શકશે.

વર્ષ ૧૯૬૬ના દશેરાના શુભ દિવસે, શ્રી કોઠારા સાર્વજનિક દવાખાના ટ્રસ્ટ સંચાલિત કોઠારા સાર્વજનિક દવાખાના શરૂ થયેલ. આજ ૫૩ થી વધુ વર્ષોથી કોઠારા અને આસપાસના ગામોની પ્રજાને નજીવી ફી લઈને આ દવાખાનું સેવા આપી રહ્યું છે. આ દવાખાનામાં ડીજીટલ એક્સરે તથા ડીજીટલ પેથોલોજી લેબોરેટરી અને કાર્ડીયોગ્રામ (ECG)ની સગવડ ઉપલબ્ધ છે. મલેરીયા/ટાઈફોઈડ/હેમોગ્લોબીન/ડાયાબીટીસ/પ્રમ્નેન્શીના ટેસ્ટ અહીં કરાવી શકાય છે. ડોક્ટરથી દર્દીને તપાસ દવા લખી આપે એ દવા આ દવાખાનામાંથી મળી રહે છે. ગ્લુકોઝ/દવાના બોટલ ચડાવવાની સગવડતા પણ છે. જરૂરત પડે અને ટ્રીટમેન્ટ માટે રાત રોકાવવું પડે તો પાંચ બેડ મહિલા અને પાંચ બેડ પુરૂષ માટેની વ્યવસ્થા આ દવાખાનામાં છે. ડોક્ટરશ્રીનું રહેઠાણ દવાખાનાની ઉપર છે એટલે ઈમરજન્સીમાં ડોક્ટરશ્રી ૨૪ (ચોવીસ) કલાક મળી શકે છે.

દવાખાનાનો ટેલીફોન નંબર-૦૨૮૩૧-૨૮૨૨૪૦, દવાખાનાનો સમય : સવારે ૯ થી ૧, બપોરે ૩ થી ૬. ખાસ સૂચના : દવાખાનામાં બતાવવા માટે દર્દીએ ફોટા સાથેનો ઓળખ પત્ર (આધારકાર્ડ/પેનકાર્ડ/અન્ય) પોતાની સાથે લઈ જવું જરૂરી છે. ઓળખ પત્ર વગર દવાખાનામાં ટ્રીટમેન્ટ અપાશે નહીં.

**ભુજમાં મોતિયાના ઓપરેશન :** ક.દ.ઓ.જ્ઞાતિજનનો માટે કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન દ્વારા મુંબઈમાં પ્રથમ દ્રષ્ટિ (આંખ) અભિયાન છેલ્લા ૨૦ થી અધિક વર્ષોથી કાર્યરત છે જેમાં આંખની ટ્રીટમેન્ટ અને મોતિયાના ઓપરેશન નિઃશુલ્ક (FREE) કરાવી અપાય છે. કચ્છમાં વસતા ક.દ.ઓ. જ્ઞાતિજનોને આંખની ટ્રીટમેન્ટ અને મોતિયાના ઓપરેશન નિઃશુલ્ક (FREE) કરાવવા મુંબઈ સુધી આવવું પડતું હતું.

કચ્છમાં વસતા ક.દ.ઓ.જ્ઞાતિજનોને મુંબઈ સુધી આવવું ન પડે એ શુભ વિચારથી કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશને છેલ્લા પાંચ વર્ષથી આંખની ટ્રીટમેન્ટ અને મોતિયાના ઓપરેશનની સવલત નિઃશુલ્ક (FREE) કચ્છમાં મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરી છે. લેવા પટેલ હોસ્પિટલ, ભુજ સાથે આંખની ટ્રીટમેન્ટ અને મોતિયાના ઓપરેશનની વ્યવસ્થા ઉભી કરેલ છે.

**મુંબઈમાં ચાલતા અભિયાનો :** આ ઉપરાંત કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન ક.દ.ઓ.જ્ઞાતિજનો માટે મુંબઈમાં ઓપરેશન પ્રથમ દ્રષ્ટી (આંખ)-દાંત-ડાયાબીટીસના નિઃશુલ્ક (FREE) અભિયાનો ચલાવે છે.

આમ સ્થાનિક કચ્છ અને અત્રે મુંબઈમાં પણ કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશનની સમાજપયોગી પ્રવૃત્તિઓ સર્વજનો માટે ઉપયોગી થઈ રહી છે.




# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, બેંગલોર દ્વારા નૂતન વર્ષનું સ્વાગત કરાયું



શ્રી કચ્છી ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજનનાં ઉપક્રમ કચ્છી ભવન, જે પી નગર, બેંગલોર મધ્યે રવિવાર, તા.૧૦-૧૧-૨૦૧૯ના રોજ નૂતન વર્ષનું સ્વાગત અનુપમ રીતે કરવામાં આવ્યું હતું. સૌપ્રથમ નવકાર મંત્રનું સ્મરણ કરવામાં આવ્યું હતું. બાદ પ્રમુખ સતીશભાઈ દેવજી શાહે સૌ સભ્યોનું ભાવભીનું સ્વાગત કર્યું હતું અને નૂતન વર્ષની શુભેચ્છા પાઠવતા સૌના નિરામય આરોગ્ય અને ખુશહાલી માટે કામના કરી હતી. બાદ કાર્યક્રમનો દોર મહિલા મંચને સોંપવામાં આવ્યો હતો. જેમણે આ પ્રસંગે વિવિધ વય જૂથ માટે કેડીઓ માસ્ટર શેફ પ્રતિયોગીતાનું આયોજન કર્યું હતું. ૧૧ વર્ષથી ઉપરના સર્વે સ્પર્ધકોને ૭ સભ્યોની ૬ ટુકડીમાં વિભાજન કરીને દરેક ટીમને વાનગી બનાવવા માટેના સાધન અને સામગ્રી આપવામાં આવ્યા હતા. આ એક ફ્લેમલેસ કુકીંગની સ્પર્ધા હતી અને સૌ પ્રતિયોગીઓને ૪૫ મિનિટનો સમય તેમની વાનગી બનાવીને તેનું સુશોભન કર્યા બાદ તેને એક અનન્ય નામ આપીને પ્રસ્તુત કરવાની હતી. પુરૂષો સહિતના વિવિધ વયજૂથના સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને પોતાના નૂતન વિચારોને સ્વાદિષ્ટ વ્યંજનોમાં મૂર્તિમંત કરીને સુંદર રજૂઆત કરી હતી. દરેક પ્રસ્તુતિ અનુપમ, નયનરમ્ય અને આકર્ષક સુશોભનગમ્ય રહી હતી.

નાના ભૂલકાઓએ સ્માઈલીસ અને કૂકીસનું સુશોભન કરવાનું હતું. દસ વર્ષ સુધીના મોટા બાળકોએ ગોળ રોટલી બનાવવાની હતી. બધા બાળકોએ અદમ્ય ઉત્સાહ દાખવીને તેમને સોંપવામાં આવેલા કાર્યની સરસ રીતે પૂર્તિ કરી હતી અને શ્રેષ્ઠ બાળકો ઈનામો જીત્યા હતા.

નિર્ણાયક તરીકે નીશાબેન જીયાણીને નિમંત્રિત કરવામાં આવ્યા હતા. અમીષા અમીષા મનવર અને આયુષ મશૈરીના નેતૃત્વમાં તેમની ટીમ પ્રથમ વિજેતા ઘોષિત થયા હતા. સર્વે સ્પર્ધકોએ સુંદર પ્રસ્તુતિ સાથે સરસ પ્રયાસ કર્યો હતો.

દર્શક સભ્યો માટે કુકીંગ સંબંધી ક્વિઝ-પઝલનું આયોજન કરવામાં આવ્યું હતું અને સૌ એમાં ઉત્સાહપૂર્વક સહભાગી થયા હતા.

ધોરણ ૧ થી ૧૦ના વિદ્યાર્થીઓમાં ૮૦ ટકાથી વધુ ગુણાંક મેળવનાર જ્ઞાતિ સમાજના સભ્યના સંતાનોનું બહુમાન કરવામાં આવ્યું હતું.

સમાપનમાં સૌ સભ્યોએ સ્વાદિષ્ટ વૈવિધ્યપૂર્ણ ભોજનનો આસ્વાદ માણ્યો હતો અને વિદાય લીધી હતી.

# કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈની ચૂંટણી

શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિ મહાજનની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી દર પાંચ વર્ષે યોજાતી હોય છે. ૧, એપ્રિલ ૨૦૨૦થી ૩૧મી માર્ચ ૨૦૨૫ સુધીની મુદ્દત માટેની ચૂંટણી રવિવાર, ૨૨મી ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ યોજવાનું નિર્ધારિત થયું છે. આમાં મુખ્યત્વે મહાજન માટે ૪૪ સભ્યો ચૂંટવાના હોય છે, ટ્રસ્ટ માટે ૧૧ સભ્યો અને શિક્ષણ પ્રસારક સમિતિ માટે ૧ સભ્યની ચૂંટણી યોજાતી હોય છે.

આ વર્ષે શિક્ષણ પ્રસારક સમિતિ માટે એક જ વ્યક્તિએ ફોર્મ ભર્યું હોવાથી એને બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવશે. ટ્રસ્ટ બોર્ડના ૧૧ ચૂંટવા માટે મતદારોએ ૧૫ ઉમદેવારોમાં પસંદગી કરવાની રહેશે. મહાજન માટે ૪૪ સભ્યો ચૂંટવાના છે અને માટે ૫૭ ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે.

જ્ઞાતિની ચૂંટણી વિશેની આ માહિતિ ચૂંટણી અધિકારી ચીમનભાઇ મોતાએ પૂરી પાડી છે.

# તીરૂપુર મહિલા મંડળ દ્વારા ચિલ્ડ્રન્સ ડેનું સેલિબ્રેશન કરાયું







તા.૨૩ નવેમ્બર શનિવાર દિને બપોરે ૪ કલાકે શ્રી ગુજરાતી સમાજ પ્રિમાઈસીસમાં તીરૂપુર મહિલા મંડળ દ્વારા ચિલ્ડ્રન્સ ડેનું સેલિબ્રેશન યોજાયું. જેમાં ૩ વર્ષથી ૧૫ વર્ષના ૪૦ જેટલા સમાજ મેમ્બરોના બાળકો ઉત્સાહભેર સહભાગી થયા હતા.

વીતેલા સમયની રમતો એટલે કે ચાલીસ પચાસ વર્ષે પૂર્વે રમાતી રમતો જેવી કે સોન સાંકળી, ટેમટું રે ટમેટું, સાતપડી, ખો-ખો વિગેરે રમી બાળકો પણ આનંદિત થયા હતા. પ્રોગ્રામ શરૂઆતે બાળકોને મનગમતા નાસ્તા જેવા કે પોપકોર્ન, ચિક્કી, બાફેલી મગફળી, કાચી કેરી, ચકરી વિગેરેની મોજ સૌએ માણી હતી. કાર્યક્રમ અંતે સૌ બાળકોને ઈનામ ભેટ આપી ખુશ કરાયા હતા. મહિલા મંડળની પદાધિકારી બહેનો અને કાર્યકર બહેનોએ કાર્યક્રમ આયોજનની વ્યવસ્થા સંભાળી હતી. મહિલા મંડળની સર્વે સભ્ય બહેનો અને ઉપસ્થિત સૌ બાળકો સાઉથ ઈન્ડિયન ડીશનું રાત્રિ ભોજનની મોજ માણી હતી. આમ આનંદ અને મોજ સાથે સૌ સંપૂર્ણ સાંજ વિતાવી હતી.

# ડોંબિવલી સંઘમાં વ્યાખ્યાન યોજાયું

શ્રી અચલગચ્છ જૈન સંઘ-ડોંબિવલી દ્વારા સંચાલિત શ્રી મુનિસુવ્રતસ્વામી ચૌમુખજી જિનાલય-કોપર રોડના પ્રાંગણે અચલગચ્છાધિપતિ, પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ. સા.ના આજ્ઞાનુવર્તિની પ. પૂ. સાધ્વી શ્રી વિશ્વલત્તાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ. સાધ્વી શ્રી વિશ્વકીર્તિશ્રીજી મ.સા., પ. પૂ. સાધ્વી શ્રી સંયમપ્રિયાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૨ ની શુભ નિશ્રા પ્રાપ્ત થઇ.

આજના શુભ દિને વ્યાખ્યાનમાં પ્રવચન વિષય : ‘‘દૂર્લભ મનુષ્ય જન્મ, પ્રમાદ અને સજાગતાના પરિણામ’’ ઉપર પ્રવચન હતું. વ્યાખ્યાન પ્રભાવના ના લાભાર્થી : શ્રી મિથુન રાયચંદ જીવાણી (જખૌ). આવતી કાલે સવારે ૯:૦૦ થી ૧૦:૦૦ કલાકે વ્યાખ્યાન રહેશે.




● આરાધના ભવન જૈન સંઘ ભુજ દ્વારા પરમયશ વિજયજી મ.સા. આદિઠાણા ૧૦ની હાજરીમાં નવપદની આસો શાશ્વતી ઓળીની આરાધનામાં ૨૧૫ ભાવિકો જોડાયા હતા. કુલ ૨૦૭૦ આયંબિલ થયા હતા. જેમાં નવપદના ૪૨ જેટલા મંત્ર જાપ કરાયા હતા. દરરોજ પ્રભુજીનો સ્નાત્ર મહોત્સવ, પૂજા, અષ્ટ પ્રકારી પૂજા, આંગી, આરતી, મંગલ દીવો પ્રતિક્રમણ આદિ ધર્મ આરાધનાઓ થઈ હતી.

● ભુજની સંસ્કાર સ્કૂલએ 'યોર ઓનર' અંતર્ગત કચ્છના નિઃસ્વાર્થ સેવા થકી લોકપ્રિયતા પામનાર ચાર સમાજ રત્નોનો સન્માન કરી વધાવ્યા. જેમાં માનવ જ્યોતના પ્રબોધ મુનવર, લોક કલ્યાણ ટ્રસ્ટના હેમેન્દ્ર જણસારી, નિરાધાર મહિલા કલ્યાણ કેન્દ્રના ભાનુબેન પટેલ તથા મહિલા પોલીસ હેલ્પ લાઈનના રાજલક્ષ્મીબેન હતા.

● અબડાસા તાલુકાના કનકપર ગામમાં ૮૦ ઘર અને ૫૦૦ જેટલા માનવોની વસતી છે. બધા ઘરોમાં વરસાદી પાણી ઘરેલું ઉપયોગ માટે કામ આવે તે માટે રેઈન વોટર હાર્વેસ્ટિંગ સીસ્ટમ વરસાદી પાણી સંગ્રહ દરેક ઘેરે બેસાડવામાં આવતા ચાલુ વર્ષે અનરાધાર વરસાદે સૌ ઘરોના ટાંકા છલકાવી દીધા. આ માટે સાંઘી સિમેન્ટ કું. રૂા બે લાખ અને બે લાખ અલ્ટ્રાટેક સિમેન્ટ કું. દ્વારા સંસદ સભ્ય વિનોદ ચાવડાના પ્રયાસોથી મળી તો ખૂટતી રકમ કનક પર ગ્રામ વિકાસ દ્વારા મળતાં આ સગવડ ગામ લોકોને મળી. આમ કચ્છમાં રેઈન વોટર હાર્વે સ્ટિંગવાળું એક માત્ર અબડાસાનું કનક પર ગામ છે.

● ગાંધીધામની માર્ગમ ડાન્સ એકેડેમીના ૨૪૮ કલાકાર વિદ્યાર્થીઓએ સેવ ધ ગર્લ, સેવ વોટર સહિતના સંદેશ ઉજાગર કરતાં ૧૫૦૦ ડફલી સાથે સળંગ ૩૦ મિનિટ સુધી નૃત્ય કરી વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયામાં વિક્રમ તરીકે નોંધાયો.

● નખત્રાણામાં સોમૈયા સર્વોદય ટ્રસ્ટ આયોજિત વિવિધ સંસ્થાઓના સહયોગથી દમ, શ્વાસ, એલર્જી નિશુલ્ક નિદાન કેમ્પ આયોજિત કરાયો. જેમાં ૨૭૦૦ દર્દીઓએ લાભ લીધો હતો. શરદ પૂનમના સવારથી પરોઢ સુધી અવિરત કેમ્પમાં આંખ, કાન, સ્ત્રીરોગ, જનરલ રોગ સહિતના દર્દીઓની તપાસ જ્યારે રાત્રે ચંદ્રના કિરણો નીચે ખુલ્લામાં બે હજાર દમ શ્વાસ એલર્જી વિગેરે રોગોના દર્દીઓને આર્યુવેદિક ઊકાળો પીવડાવાયો હતો.

● જાયન્સ ગ્રુપ ઓફ માંડવી દ્વારા છેલ્લાં ૧૯૯ મહિનાથી દર મહિનાના છેલ્લા રવિવારે મહિલાઓના હિમોગ્લોબીન રક્ત પરીક્ષણના કેમ્પ યોજવામાં આવે છે. દાતા તરફથી હિમોગ્લોબિન તપાસ માટેના યંત્રની ભેટ મળવાથી હવે પરીક્ષણ માટે આધુનિક સુવિધાથી માંડવી જાયન્ટસ ગ્રુપ સજ્જ થયું છે.

● માનવતા ગ્રુપ ભુજ દ્વારા શહેરની મહિલાઓને સ્વરોજગાર લક્ષી તાલીમો આપવામાં આવી હતી. આ તાલીમ પૂર્ણ થતા તેમને પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. પધારેલ સૌએ આજના મોંઘવારીના સમયમાં આવી તાલીમો પોતાના માટે તેમજ પરિવાર માટે ખૂબ જ ઉપયોગી પુરવાર થાય છે તેમ જણાવ્યું હતું.

● દરેક જિલ્લામાં વૃક્ષારોપણ માટે રાજ્ય સરકારે આપેલા આદેશ અન્વયે પશ્ચિમ કચ્છ પોલીસ જિલ્લા દ્વારા વન મહોત્સવની ઉજવણી કરાઈ હતી. ભુજના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે મહેમાનો તેમજ અધિકારી ઓના હસ્તે વૃક્ષારોપણ કરાયું હતું. ઉપસ્થિત આગેવાનો તેમજ અધિકારીઓએ પ્રાસંગિક પ્રવચન કર્યા બાદ રાજ્ય ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાનું વીડિયો કોન્ફરન્સથી પ્રવચન યોજાયું હતું. અધિક કલેક્ટર મુખ્ય અધિકારી જિલ્લાના ચારેય નાયબ પોલીસ અધીક્ષક ઉપરાંત એસ.પી.સી., છાત્રો, જી.આર.ડી. અને ગૃહ રક્ષક દળના સભ્યો જોડાયા હતા.

## જીવન ઘટમાળ

**• જન્મ નોંધ •**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭.૦૬.૨૦૧૯ | વડાલા | ધીયારા, પંક્તિ, હાર્દિક વિજય લોડાયા | બાયઠ | કન્યા |
| ૨૩.૦૯.૨૦૧૯ | ડોમ્બીવલી | ખિયાંશ, તેજલ, ઉદય પુનશી ઘરમશી | સાંધાણ | પુત્ર |
| ૧૯.૧૦.૨૦૧૯ | મુલુંડ | કાયરા, હિતલ, દર્શક કિરણ લોડાયા | સુથરી | કન્યા |
| ૦૪.૧૧.૨૦૧૯ | થાણે | ખિયાંશ, નિધિ, વિકી ભરત મૈશેરી | લાલા | પુત્ર |

**• આંતરજ્ઞાતિ લગ્ન નોંધ •**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬.૦૮.૨૦૧૯ | મુલુંડ | વિરલ નવીન નારણજી ધુલ્લા | બાયઠ | ૨૬ |
| | થાણે | નિધિ ધર્મેન્દ્ર દિનેશ સીંગાડિયા | પોરબંદર | ૨૬ |

**• સગપણ છુટા •**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪.૧૧.૨૦૧૯ | ડોમ્બીવલી | સાગર ગુલાબચંદ નારણજી લોડાયા | સાંધવ | ૨૭ |
| | અહમદનગર | ગુંજલ કિરણ નાગશી નાગડા | કોઠારા | ૨૪ |

# છ'રી પાલક સંઘની શિયાળાની ખુશનુમા સવારમાં અદ્દભૂત તસ્વીરી ઝલક





શિયાળાની ઠંડક પ્રસરાવતી ખુશનુમા સવારના સૂર્યકિરણોનો પ્રાદુર્ભાવ થતો હોય અને ગગન કેસરી-પીળા કિરણોથી રંગ આભા પ્રસારી અદ્દભૂત દ્રશ્ય સર્જતુ હોય ત્યારે સંઘનો સમૂહ વિહાર કરતો હોય એના અદ્દભૂત દ્રશ્યો કેમેરામાં કંડારાય ત્યારે કેવા ભવ્ય અને અવિસ્મરણીય બની રહે એની પ્રતીતિ ઝલક ફોટોગ્રાફરના કેમેરાની કમાલ જોવા, માણવા લાયક બની રહે છે. કુદરતનો કમાલ કેમેરામાં અદ્દભૂત રીતે ઝીલાયો છે. જે સૌને જોવું ગમે એવી ક્ષણો સર્જે છે.





## शुरु किजिए
## गृहिणी से बिजनेसवुमन बनने का सफर

अब आप अपने मनचाहे समय पर काम करने की सुविधा के साथ अपने काम और घर के बीच संतुलन बना सकती है।

हमारे साथ मिलकर आपके लिए अपना बिजनेस शुरु करने का अनोखा मौका यहाँ है।





## તમારા જીવનની બીજી ઈનિંગ્સ શરૂ કરો બિઝનેસની અનોખી તક સાથે.

જો તમે નિવૃત્ત હો તો પણ
હવે તમે આવક મેળવી શકો છો.
આત્મનિર્ભર બનવાની તમારા માટે
આ અનોખી તક છે.

## NO TARGETS, NO DEADLINES, ONLY ENDLESS OPPORTUNITIES TO EARN, WITH FLEXIBLE TIMINGS

Here is your opportunity to fulfill all your wishes and dreams by investing few hours in a day



## One Opportunity Many Benefits

- Fixed Salary
- Unlimited Income
- PF & ESI Benefits
- Part-time / Full-time Opportunity
- International Conventions

**Give more to life**

**For details**
**Contact : 8850840380**




# insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

**MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL**

KDO **Gyatimaiya** Weekly E-magazine KDO